વડોદરાનાં મહે. ૧૫ માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ– વડોદરા.

<u>ફોજદારી કેસ નં. ૨૦૬૬૩/૨૦૧૯</u>

આંક– ૫

શ્રી સ ર કા ર ....... ....... **ફરીયાદી**

**---- વિરૂઘ્ધ ----**

જ્ઞાનદેવ રામુ મોરે ઉ.વ.૪૩
રહે. ગોત્રી , વડોદરા ........ ........ **આરોપી**

**<u>ગુન્હો</u> :– <u>આઈ.પી.સી. કલમ–૨૮૩ મુજબ.</u>**

**–:: <u>ચુકાદો</u> ::–**

**૧.** ફરીયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ વડોદરા મુકામે કારેલીબાગ વિસ્તારમાં ફરીયાદમાં જણાવેલ હકીકતવાળું કૃત્ય કરી, જાહેર માર્ગમાં કોઈ વ્યકિત માટે ભય ઉભો થાય અથવા અટકાયત ઉભી થાય અથવા હાનિ પહોંચે તેવું કૃત્ય કરી ગુન્હો કરતાં, તે અંગેની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી. આ અંગે તપાસને અંતે આરોપી વિરૂઘ્ધ પુરતા પુરાવા હોય, ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૮૩ મુજબનાં ગુન્હા સબબ ચાર્જસીટ અદાલતમાં રજુ કરેલ છે.

**૨.** આરોપીને સમન્સ કરતા, આરોપી આ અદાલત રૂબરૂ હાજર થયેલ છે. આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આજરોજ આરોપીએ આંક– ૪ થી કબુલાત પુરશીશ રજુ કરેલ છે. તેમજ આરોપીની આંક– ૩ થી પ્લી લેતા, આરોપીએ ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.

૩. આ કામે તમામ કાગળો તથા આરોપીની કબુલાતની હકીકતો ઘ્યાને લેતાં, આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે, જેથી આરોપીએ સદર ગુન્હો કરેલ હોવાનું ઠરાવવામાં આવે છે. તેમજ આરોપીની રજુઆત છે કે, તેનો આ પ્રથમ ગુન્હો છે, તેઓ કુટુંબ કબીલાવાળા,ગરીબ માણસ છે અને ગુન્હા બદલ પસ્તાવો વ્યકત કરી, દયાની માંગણી કરેલ છે. આમ, આરોપીની સ્વૈચ્છાપૂર્વકની કબુલાત તથા આર્થિક અને સામાજીક પરિસ્થિતિ, તથા આરોપી ભવિષ્યમાં આ પ્રકારનો ગુન્હો નહી કરે તેમ જણાવે છે, તે તમામ સંજોગો, તથાગુન્હાની ગંભીરતા તેમજ સદરહું ગુન્હાની સજાની જોગવાઈ લક્ષ્યમાં લઈ, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: **આખરી હુકમ** ::–

(૧)    આ કામનાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ નાં પ્રબંધો અનુસાર ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૮૩  મુજબનાં  શિક્ષાપાત્ર  ગુન્હા સબબ તકસી રવાન ઠરાવી, આરોપી ને રૂ.          (અંકે રૂપિયા              પુરા) નો દંડ  કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો આરોપી એ દિન–   ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજ તારીખ : ૧૩ મી, માહે– જુલાઈ, સને–૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

સ્થળ  :– વડોદરા.
તારીખ : ૧૩/૦૭/૨૦૧૯.
સ્પેશ્યલ સીટીંગ,વડોદરા.

( નિલેશ નાનજીભાઈ પાથર)
૧૫ માં એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
વડોદરા.